તલોદની પેટા ચૂંટણીમાં 'આપ'ના ઉમેદવારથી જંગ રસપ્રદ બનશે

તલોદ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાની તલોદ નગરપાલિકાની વોર્ડ નં. ૬ ની પેટા ચૂંટણી આગામી તારીખ ૨૨ માર્ચે યોજાનાર છે. આ ચૂંટણીમાં કોંગ્રેસ-ભાજપ સિવાય પ્રથમ વખત 'આમ આદમી પાર્ટી' (આપ)ના ઉમેદવારે પણ ઝૂકાવતા ચૂંટણી રસપ્રદ બની રહેશે તેમ મનાય છે. આજે પહેલો ઘા રાણાનો એમ માનીને આપના ઉમેદવાર રોનક પટેલ ઉમેદવારીપત્ર ભર્યુ હતું. તલોદ ખાતે આવેલા આમ આદમી પાર્ટીના હોદ્દેદારો-કાર્ય કરો તથા સમર્થકો સહિતની એક રેલી શ્રીકૃષ્ણ મંદિર ખાતેથી દર્શન કરીને પ્રસ્થાન પામી હતી. જે શ્રી અંબાજી માતાજીના ચોકમાં થઈ ટાવર વિસ્તારમાં થઈ મામલતદાર કચેરીએ પહોંચી હતી જ્યાં તલોદ મામલતદાર અને આવનાર ચૂંટણીના મદદનીશ ચૂંટણી અધિકારી અગર સિંહ ચૌહાણને ઉમેદવારી પત્ર સુપ્રત કર્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે દિલ્હી ખાતે આમ આદમી પાર્ટીને મળેલી જવલંત સિદ્ધિ બાદ પાર્ટીનો ફોકસ ગુજરાત રાજ્ય રહ્યું છે. જેથી આવનાર તમામ ચૂંટણીઓમાં ''આપ''ના ઉમેદવારો ઝુકાવશે તે નક્કી મનાય છે. ગુજરાતમાં પોતાનું સ્થિર શાસન જમાવવા અને ગુજરાત રાજ્યની પ્રજાને પ્રાથમિક જરૂરિયાતો બાબતે સંતોષ પૂરો પાડવા તથા ભ્રષ્ટાચારના ભોરિંગને નેસ્ત નાબૂદ કરવાના શુભ આશય સાથે ગુજરાતમાં તલોદ નગરપાલિકાની આગામી તારીખ ૨૨ માર્ચે યોજાનારી નગરપાલિકાની પેટાચૂંટણી જાણે કે આમ આદમી પાર્ટી સમગ્ર ગુજરાત રાજ્યમાં વિજય મેળવવાના એજન્ડા નું ખાતમુહૂર્ત કરી રહી છે. જેથી આમ આદમી પાર્ટીએ તલોદ નગરપાલિકાની આગામી તારીખ ૨૨ માર્ચ રવિવારના રોજ યોજાનાર ચૂંટણી માટે અગ્રણી ખેડૂત સમાજના યુવાન, નિષ્ઠાવાન, પ્રમાણિક અને શિક્ષિત યુવાન રોનક અજીતભાઈ પટેલની પસંદગી કરેલ છે. જેથી આજે આમ આદમી પાર્ટીના રોનક પટેલ એ ભારે ઉત્સાહપૂર્વક નગરપાલિકાના વોર્ડ નંબર ૬ ની આવનાર પેટાચૂંટણી માટેની ઉમેદવારી વિધિવત નોંધાવી હતી.

પાલનપુરમાં વિધાર્થી મોબાઈલ ફોન લઈ પરીક્ષા આપવા ગયો અને ઝડપાયો

પરીક્ષાખંડમાં બેંચ ઉપર મુકેલો ફોન સુપરવાઇઝરે કબ્જે લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

પાલનપુર

પાલનપુર – આબુ હાઈવે બિહારીબાગ નજીક આવેલી સ્વામીનારાયણ ગુરૂકુળમાં ફાળવાયેલા ધોરણ દસના કેન્દ્રમાં શનિવારે વિજ્ઞાનના પ્રશ્નપત્રની પરીક્ષા આપતી વખતે એક પરીક્ષાર્થી મોબાઈલ સાથે ઝડપાઈ ગયો હતો. જેની સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુરમાં શુક્રવારે વિધામંદિર કેમ્પસના બી. કે. ભણશાળી સ્કુલમાંથી એક ડમી પરીક્ષાર્થી ઝડપાયો હતો. ત્યાં શનિવારે પાલનપુર – આબુ હાઈવે બિહારીબાગ નજીક આવેલી સ્વામીનારાયણ ગુરૂકુળમાં ફાળવાયેલા ધોરણ દસના કેન્દ્રમાં શનિવારે વિજ્ઞાનના પ્રશ્નપત્રની પરીક્ષા આપતી વખતે એક પરીક્ષાર્થી મોબાઈલ સાથે ઝડપાઈ ગયો હતો. જેની સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે સ્વામી નારાયણ ગુરૂકુળના બ્લોક નં. ૨૦૫માં બેઠક નંબર પી. ૭૫૦૨૯૨૯થી પરીક્ષા આપતો નરેશકુમાર ગોરધનભાઈ પંડ્યા મોબાઈલ સાથે પરીક્ષાખંડમાં પ્રવેસ્યો હતો. જે પેપર લખતી વખતે મોબાઈલ ફોન બેંચ ઉપર રાખ્યો હતો. તે સમય દરમિયાન સુપરવાઈઝરે મોબાઈલ કબ્જે લીધો હતો. આ અંગે પરીક્ષાર્થી નરેશકુમાર પંડ્યા સામે પોલીસ મથકે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ખેડબ્રહ્મા તાલુકાના દૂધલી ગામે બોગસ ડોક્ટર ઝડપાયો

ખેડબ્રહ્મા, તા.૮

ખેડબ્રહ્મા તાલુકાનાં દૂધલી ગામનો ઈસમ ઇડર ખાતે કંપાઉન્ડર તરીકે નોકરી કરતો ઈસમ પોતાના ગામમાં લોકોને એલોપેથી દવાઓ આપતો હોવાનીઓ વાત બહાર આવતા મેડિકલ ઓફીસર ધ્વારા તપાસ કરી ઝડપી પાડવામાં આવ્યો હતો.

ખેડબ્રહ્મા તાલુકાનાં દૂધલી ગામનો કલ્પેશભાઈ ગિરીશભાઈ ઠાકોર ઇડર ખાતે ખાનગી હોસ્પીટલમાં કંપાઉન્ડર તરીકે નોકરી કરતો હતો જે દૂધલી ગામે પોતાની પાસે ડિગ્રી ન હોવા છતા પોતાના ઘરે દવાઓ રાખી લોકોને એલોપેથી દવાઓ આપતો હતો.

ખેડબ્રહ્મા તાલુકા હેલ્થ અધિકારી આર.ડી. ગોસ્વામિ બાતમી મળી હોય તેના આધારે દૂધલી ગામે ટિમ બનાવી તપાસ કરતાં કલ્પેશકુમાર દવાની પેટી લઈ આવતો મળી આવેલ જેની પૂછ પરછ કરતાં પોતે બાજુના લાંક ગામે દવા કરવા ગયેલ હોવાનું જણાવેલ જેથી તપાસ અધિકારી તેની પાસે ડૉક્ટરી ડિગ્રી માગતા તેની પાસે ના હોવાનું જનાવેલ જેથી ઊંચીધનાલ મેડિકલ ઓફિસર એ.આર.મકવાણા એ કલ્પેશભાઈ વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં બોગસ તબીબ તરીકે પ્રેક્ટિસ કરવા અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવા બદલ ફરિયાદ નોધાવી હતી.

પ્રાંતિજ પોલીસે ગીરી ગેંગના ચાર સાગરીતોને ઝડપી પાડ્યા

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઓરણ ગામની સીમમાં ટોલટેક્ષની નજીકમાં

તાલુકાના ઓરાણ ગામની સીમમાંથી એક વર્ષ પહેલા અપહરણ કરી ઈનોવા કાર તથા રોકડ રકમ રૂપિયાની લુંટ કરનાર ગીરીગેંગના ચાર સાગરીતોની પ્રાંતિજ પોલીસે અટકાયત કરી મુદામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આજથી એકાદ-વર્ષ પહેલા ઈનોવા ગાડી કિંમત રૂપીયા ૬લાખ તથા રોકડા રૂપીયા-૧૯ હજાર તથા એક મોબાઈલ જેની કિંમત રૂપીયા-૧ હજાર મળી કુલ રૂપીયા- ૬,૨૦,૦૦૦ની લુંટ થયેલ જે લુંટમાં નરેશભાઈ ઉર્ફે કાળુ દિપાભાઈ ઓડ રહે.૩, શ્યામ બંગ્લોઝ સોસાયટી બટાકા સર્કલ પાસે અનાજ માર્કેટ સામે નવા ડીસા, ડીસા, બનાસકાંઠા હાલ રહે. જાક તા. દહેગામ જી.ગાંધીનગર, સુરેશભાઈ વિરચંદભાઈ ઓડ મુળ રહે. શીહિ, તા. ઉઝા જી.મહેસાણા હાલ રહે. સિરોહી જુની બાબા રામદેવ હોટલની પાછળ કાંકરીયા છઠ્ઠી ગલી છાપરામાં તા. સિરોહ, જી. સિરોહિ (રાજથાન), ડુંગરસિંહ ઉર્ફે ચકુભા રાજુજી જાદવ રહે. મુળ રહે. રાનેર, તા. કાંકરેઝ જી.બનાસકાંઠા, રાજેશકુમાર ત્રિભુવનદાસ પંચાલ મુળ રહે. છત્રાલા, તા. ડીસા જી. બનાસકાંઠાનાઓ સંડોવાયેલ જાણવા મળતાં ચારેય ઈસમોને પકડી પ્રાંતિજ પોલીસ સ્ટેશને લઇ આવી ગુન્હા સંબંધે યુકિત-પ્રયુકિતથી પુછ-પરછ કરતાં પોતે દિનેશગીરી ઉર્ફે બાપજી પોપટગીરી ગોસ્વામી રહે. ૩૦૬, વીર સીટીએપાર્ટમેન્ટ કાળા હનુમાન રોડ રામદેવ હોટલપાછળ પાલનપુર, બનાસકાંઠાનાઓના કહેવાથી આ ગુન્હો કરેલ હોવાની ગુન્હાની કબુલાત કરતાં આ કામે ચારેય આરોપીઓને તા. ૫-૩/૨૦૨૦ના ક.૨૦/૦૦ વાગે અટક કરી ઈનોવા કાર રૂપીયા-૬ લાખની કબજે કરી પ્રાંતિજ પોલીસ સ્ટેશનન.ગુ.ર. નં.૧૨/૨૦૧૯ ઈ.પી.કો. કલમ-૩૯૨, ૩૬૫, ૧૨૦-બી, ૧૧૪, જી.પી.એકટ-૧૩૫ મુજબના ગુન્હાનો ભેદ ઉકેલી સુત્રધાર દિનેશગીરી ઉર્ફે બાપજી પોપટગીરી ગોસ્વામી સુધી પહોચવા ચક્રો ગિતમાન કરેલ છે.

પાલનપુરના કાણોદર નજીક કારચાલકે પિતા-પુત્રીને ફંગોળ્યા : બંનેના મોત

પિતા પોતાની પુત્રીને સ્કુલે મુકવા જતા હતા ત્યારે ગમખ્વાર અકસ્માત સર્જાયો

પાલનપુર

પાલનપુર- અમદાવાદ હાઈવે ઉપર કાણોદર નજીક શનિવારે વહેલી સવારે એક પિતા તેમની અગિયાર વર્ષની દીકરીને સ્કુલે મુકવા જઈ રહ્યા હતા. ત્યારે પુરઝડપે આવી રહેલી કારના ચાલકે બંનને ટક્કર મારી હતી. આ ગોઝારા અકસ્માતમાં પિતા- પુત્રીનું મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

બનાસકાંઠા જિલ્લામાં જાણે યમરાજાએ ધામા નાખ્યા હોય તેમ દિન- પ્રતિદિન જીવલેણ અકસ્માતોનો સીલસીલો અટકવાનું નામ નથી લેતો. જ્યાં પાલનપુર – અમદાવાદ હાઈવે ઉપર કાણોદર પાસે શનિવારે વહેલી સવારે કારની ટક્કરે પિતા-પુત્રીનું કરૂણ મોત નિપજ્યું હતુ. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ વડગામ તાલુકાના રૂપાલ ગામના મુળ વતની અને ધંધાર્થે પરિવાર સાથે કાણોદર ગામે રહેતા એહમદભાઈ ઉર્ફે અમરતભાઈ ભીખાભાઈ મીર (ઉ.વ. ૪૮) શનિવાર હોવાથી વહેલી સવારે ધોરણ બેમાં અભ્યાસ કરતી તેમની પુત્રી આશીયાના

(ઉ.વ. ૧૧) ગામની પ્રાથમિક શાળામાં મુકવા જઈ રહ્યા હતા. ત્યારે હુસેની ટેકરી નજીક હાઈવે ક્રોસ કરતી વખતે પાલનપુર તરફથી પુર ઝડપે આવતી કારના ચાલકે ગફલતભર્યુ ડ્રાયવીંગ કરી પિતા- પુત્રીને ફંગોળ્યા હતા. જેમને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતુ.

અકસ્માતને પગલે આજુબાજુના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. દરમિયાન જાણ કરવામાં આવતાં દોડી આવેલી પાલનપુર તાલુકા પોલીસે બંનેના મૃતદેહ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડ્યા હતા. અકસ્માતમાં પિતા- પુત્રીના કરૂણ મોત નિપજતાં સમગ્રપંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

કારચાલક નાસી છુટ્યો

પિતા- પુત્રીને ટક્કર માર્યા બાદ કાર ચાલકે સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવતાં કાર હાઈવેથી નીચે ઉતરી ગઈ હતી. અને ચાલક કાર મુકીને ઘટનાસ્થળેથી નાસી ગયો હતો. આ અંગે પોલીસે તેની સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચાર દીકરી અને બે દિકરાએ પિતાની છત્રછાયા ગુમાવી

માર્ગ અકસ્માતમાં મોતને ભેટેલા અહેમદભાઈ મીરના પરિવારમાં પત્નિ પાંચ પુત્રીઓ અને બે પુત્ર છે. જેઓ સ્પેરપાર્ટસની ફેકટરીમાં નોકરી કરી પરિવારજનોનું ગુજરાન ચલાવી રહ્યા હતા. દરમિયાન તેમના મોતથી ચાર પુત્રીઓ અને બે પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

અરવલ્લી-સાબરકાંઠા કેટલાક વિસ્તારોમાં

નૈસર્ગિક કેસુડાના રંગે હોળી ધુળેટી રમવાની પ્રથા યથાવત

રંગોનો તહેવાર એટલે હોળી- ધુળેટી, પરંતુ હવે કેમીકલવાળા રંગોનું ચલણ અને ચમક વધાવાથી પ્રાકૃતિક રંગ ઝાંખો પડી રહ્યો છે, ભગવાન શ્રીકૃષ્ણ પણ ગોપીઓ સાથે કેસૂડાના રંગથી હોળી રમતા હતા, પણ હવે તહેવારોએ પણ આધુનિક રૂપ ધારણ કરતા અને વ્યસ્તતામાં તહેવારોની ઉજવણી પણ ફીકી બની રહી છે હોળી-ધુળેટીમાં કેમિકલ વાળા રંગોએ કુદરતી રીતે બનાવતા રંગોનું સ્થાન લઈ લીધું છે ત્યારે હજુ પણ જંગલ વિસ્તારો નજીક વસવાટ કરતા લોકો કેસુડાના ફૂલો એકઠા ખરી તેનો રંગ બનાવી હોળી-ધુળેટી માનવતા હોય છે હવેતો કેટલીક ધાર્મિક સંસ્થાઓ અને સેવાકીય સંસ્થાઓ પણ કેમિકલ હોળીના બદલે કેસુડાના નૈસર્ગીક રંગે હોળી-ધુળેટી મનાવવા લોકોને અનુરોધ કરતા હોય છે ત્યારે આજે પણ કેસૂડાએ ચમક ટકાવી રાખી છે.

વસંત ઋતુમાં ખાખરા વૃક્ષ અને તેની સુંદરતામાં વધારો કરતા કેસુડો અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં ખીલી ઉઠે છે અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલોમાં કેસુડો સોળે કળાએ ખીલી ઉઠતા જંગલ વિસ્તારમાં લોકોએ કેસુડાના ફૂલ એકઠા કરી રંગ બનાવવા અને પ્રાકૃતિક હોળી રમવા તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

ઝડપી યુગમાં લોકોને તૈયાર રંગ મળી જતા હોવાથી કેસૂડાનો કુદરતી રંગ ભૂલી ગયા છે, જો કે જે રંગ પ્રકૃતિએ આપણને આપ્યો છે, તે જ સાચા રંગો આપણા તહેવારોને રંગીન બનાવી શકે છે.

ધાનેરામાં એચએસસી પરીક્ષામાં મહેસાણાની હોસ્પિટલથી આવી પરીક્ષા આપીને પરત મહેસાણા હોસ્પિટલ પહોંચ્યો

સંકલ્પ સ્કૂલના વિદ્યાર્થીની જે થોડાક દિવસો પહેલા પેટના દુખાવાના કારણે મહેસાણા હોસ્પિટલમાં એડમીટ કરવામાં આવ્યો હતો. બે તારીખે જ ઓપરેશન કરવામાં આવ્યું હતું પણ આજે પરીક્ષા

હોવાથી સીધો હોસ્પિટલથી પરીક્ષા કેન્દ્ર પર આવી પહોંચ્યો હતો.

બીમારીના સમાચાર મળતા સંકલ્પ સ્કૂલના આચાર્ય મહેસાણા પહોંચીને સમાચાર લઈને પરીક્ષા આપવાની વાત કરીને ડોકટર જોડે કનફર્મ કરાવી આજે પરીક્ષા અપાવી હતી. વાલી અને બાળકનો જુસ્સો આજે પરીક્ષા કેન્દ્ર સુધી ખેંચી લાવવામાં સફળ થયા હતા. સંકલ્પ સ્કૂલમાં દરેક શિક્ષકોની લાગણી બાળક માટે કંઈક અલગ જ હોય છે માત્ર શિક્ષણ જ નહીં પણ સંસ્કાર આપવામાં મોખરે ગણાય છે. આ બાળક પરીક્ષા કેન્દ્રમાં આવતા કેન્દ્રના સંચાલક ગોવિંદભાઈએ પણ બાળકની તબિયત પૂછીને માનવતાના દર્શન કરાવ્યા હતા.

કોંગ્રેસની ગાંધી યાત્રામાં સાબરકાંઠાના પાંચ હજાર કાર્યકરો ભાગ લેશે

૧૨ માર્ચથી શરૂ થનારી યાત્રા ૧૪ દિવસ ચાલશે

હિંમતનગર, તા. ૮

મીઠાના સત્યાગ્રહનો પ્રારંભ કરનાર મહાત્મા ગાંધીએ અમદાવાદના સાબરમતી આશ્રમથી યાત્રા કાઢીને તેઓ સુરત જિલ્લાના દાંડી ખાતે પહોંચ્યા બાદ ચપટી મીઠુ લઈને અંગ્રેજોને દેશમાંથી તગેડી મુકવાના લીધેલા શપથને ૯૦ વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે ગુજરાત પ્રદેશ દ્વારા ગાંધીજીના આ સંદેશને લોકો સુધી પહોંચાડવાના આશળયથી તા. ૧૨ માર્ચ ૨૦૨૦ના રોજ ગાંધીયાત્રાનું આયોજન કરાયું છે. જેમાં સાબરકાંઠાના અંદાજે ૫૦૦૦થી વધુ કાર્યકરો જોડાશે જેના માટે શુક્રવારે પ્રદેશના અગ્રણીઓએ હિંમતનગર આવી જિલ્લાના અગ્રણીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. દરમ્યાન કેટલાક કાર્યકરોએ પ્રદેશના મોવડીઓ સમક્ષ જિલ્લામાં ચાલી રહેલા જુથવાદ અંગે બળાપો કાઢ્યો હતો.

આ અંગે કોંગ્રેસના અગ્રણી કમલેશભાઈ પટેલ સાથે થયેલી વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે ૯૦ વર્ષ અગાઉ ગાંધીજીએ અમદાવાદ સાબરમતી આશ્રમથી ગાંધીયાત્રાનો પ્રારંભ કર્યો હતો. જે યાત્રા ખેડા, આણંદ, વડોદરા થઈ સુરત જિલ્લાના દાંડી ખાતે ૨૪ દિવસ બાદ પહોંચી હતી. જેની યાદમાં પ્રદેશ કોંગ્રેસ દ્વારા ગાંધીયાત્રા યોજવાનું નક્કી કરાયું છે જેમાં ગુજરાતના તમામ જિલ્લાઓના લોકોને આવરી લેવાનો આશય રખાયો છે. આ યાત્રામાં કોંગ્રેસની વિચારસરણી ધરાવતા કાર્યકરો જોડાઈને ગાંધીના વિચારો અંગે લોકોમાં જાગૃતી લાવવાનો આશય રખાયો છે.

જેના ભાગરૂપે શુક્રવારે પ્રદેશ કોંગ્રેસના અગ્રણી જગદિશભાઈ ઠાકોર, જીતેન્દ્ર બધેલ અને ગોવાભાઈ રબારીએ મુલાકાત લઈને કોંગ્રેસના કાર્યકરો સાથે વાર્તાલાપ કર્યો હતો. જે અંતર્ગત તા. ૧૨ માર્ચના રોજ સાબરમતી આશ્રમથી શરૂ થનારી આ ગાંધીયાત્રા સાબરકાંઠાના અંદાજે ૫૦૦૦ થી વધુ લોકો જોડાશે તેમની મુલાકાત દરમ્યાન કોંગ્રેસના કેટલાક પીઢ કાર્યકરોએ પ્રદેશ અગ્રણીઓ સાથે ગુફતેગુ કરીને સાબરકાંઠા જિલ્લામાં કોંગ્રેસમાં ચાલતા જુથવાદ બદલ બળાપો કાઢ્યો હતો.

નારાજ કાર્યકરોનું માનીએ તો આગામી સમયમાં યોજાનારી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસે સત્તા મેળવવી હોય તો તેના માટે સૌપ્રથમ તમામ કાર્યકરોએ એકજુથ થઈને પ્રજા પાસે જવુ પડશે અને તેમની આશા અપેક્ષા સંતોષવા હૈયાધારણ આપ્યા સિવાય છુટકો નથી જે અંગે પ્રદેશના અગ્રણીઓએ એવુ આશ્વાસન આપ્યું હતું કે જે કોઈને નારાજગી હશે તેમની સાથે ચર્ચા વિચારણા કરાયા બાદ સૌને સાથે રાખીને કામ કરવા સમજાવાશે. જોકે આ અંગે જીતેન્દ્ર બધેલે જણાવ્યું હતું કે કોંગ્રેસમાં કોઈ વિવાદ નથી. ભાજપની રણનીતિ છે કે જુઠ ફેલાવવામાં તેઓ કશુ બાકી રાખતા નથી હાલ તો કોંગ્રેસના કાર્યકરો એક થઈને કામ કરી રહ્યા છે જે પક્ષની લોકપ્રિયતા સાબિત કરે છે.

પ્રાંતિજમાં તસ્કર રાજ, એક પછી એક મકાનને નિશાન બનાવે છે

રાત્રીના તો ઠીક પણ દિવસે પણ પ્રાંતિજ અસુરક્ષિત : પ્રાંતિજ અનંત વિલાસમાં ભર બપોરે તસ્કરોનો હાથફેરો

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં જાણે તસ્કરોનું રાજ હોય તેમ રાત્રીના તો ઠીક પણ હવે તો દિવસે પણ રહીશોની સલામતી રહી નથી તેમ ધોળા દિવસે પણ અનંત વિલાસમાં ચોરી થતાં આજુબાજુના રહિશો સહિત નગરજનોમાં હાલ તો ભયનો માહોલ જોવા મલ્યો છે. ખરેખર જેની જવાબદારી છે તે પોલીસતંત્ર જાણે હાલ તો ગોર નિંદ્રામાં હોય તેવું જણાઈ આવે છે.

પ્રાંતિજમાં છેલ્લા કેટલાય દિવસોથી રાત્રીના સમયે એક પછી એક મકાનોના તાળા તુટતાં નગરજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે અને છેલ્લા બે મહિનાથી તો પ્રાંતિજના ઈતિહાસમાં જે વિસ્તારોમાં કદીએ ચોરી ના થઇ હોય તેવા ભરચક વિસ્તારમાં તસ્કરોએ તરખાટ મચાવતા પોલીસ સામે જાણે પડકાર ફેંકતા હોય તેવું જણાઈ આવે છે. નાની ભાગોળ વિસ્તારમાં આજદિન સુધી કદીએ ચોરી થઈ ન હતી તેવા ભરચક વિસ્તારમા ચોરી થતા હાલ તો રહીશોમાં ભયનો

માહોલ જોવા મળી રહ્યો છે અને હાલ તો પોલીસની કામગીરી ઉપર પણ સવાલો ઉઠવા પામ્યા છે. ત્યારે પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે આવેલ અનંતવિલાસ ફલેટમાં રહેતા સુરેશભાઈ ગોવિદભાઈ દત્ત પોતાના પરિવાર સાથે બપોરના સમયે પોતાની દુકાન ઉપર હતા તે દરમ્યાન અજાણ્યા તસ્કરો તેવોના ફ્લેટમાં તાળુ ખોલી અંદર પ્રવેશ કરી તિજોરી ખોલી તેમા રહેલ રોકડ વીસ હજાર તથા સોના ચાંદીના દાગીના સહિત કુલ એક લાખથી વધારે મતાની ચોરી થતાં ફલેટ માલિક સુરેશભાઈ દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરવામાં આવી હતી. રાત્રીના તો ઠીક પણ હવે ધોળા દહાડે ચોરીઓ થતાં નગરજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. નાની ભાગોળ વિસ્તારમાં માતો રહીશો દ્વારા રાત્રીના સમયે રોન ચાલુ કરી છે અને ઉજાગરા કરી પોતે ચોંકી કરવાનો વારો આવ્યો છે. ત્યારે રાત-દિવસ તસ્કરોની બુમરા છતાં પ્રાંતિજ પોલીસ જાણે ગોર નિદ્રામાં હોય તેવું હાલ તો જણાઈ આવે છે ત્યારે રાત્રીના પેટ્રોલીંગ તથા પોલીસ વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

પાલનપુર સ્થિત જિલ્લા જેલ ખાતે ભજીયા હાઉસનો શુભારંભ

પાલનપુર, તા. ૮

અમદાવાદની સાબરમતી જેલના કેદીઓની જેમ હવે પાલનપુરની સબજેલના કેદીઓ ગરમાગરમ સ્વાદિષ્ટ ભજીયા બનાવીને તેનું વેચાણ કરશે. જેને લઈને આજે પાલનપુરમાં ભજીયા હાઉસનો જિલ્લા કલેકટરના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો.

ખાણી-પીણીની જયાફત માણવાના શોખીન એવા પાલનપુરવાસીઓ માટે મોઢામાં પાણી આવી જાય તેવા સમાચાર છે. હવે પાલનપુર વાસીઓને સ્વાદિષ્ટ ગરમા ગરમ ચટાકેદાર જેલના ભજીયા ખાવા છેક અમદાવાદ સુધી લાંબા થવું નહીં પડે. પાલનપુર જિલ્લા જેલ ખાતે ભજીયા હાઉસનું આજથી શુભારંભ કરવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘાટન જિલ્લા સમાહર્તા સંદીપ સાંગલે કર્યું હતું. અમદાવાદ જેલની જેમ પાલનપુરની જિલ્લા જેલના કેદીઓ જાતે જ સ્વાદિષ્ટ ગરમા ગરમ ભજીયા બનાવી તેનું વેચાણ કરશે. આજે જિલ્લા મથક પાલનપુરમાં કાનુભાઈ મહેતા હોલની નજીક આવેલ સબજેલના કેદીઓ દ્વારા ભજીયા હાઉસને ખુલ્લું મુકવામાં આવ્યું છે. સવારથી સાંજ સુધી આ ભજીયા હાઉસમાં ગરમા ગરમ ભજીયા મળશે. કેદી વેલફેર ફંડ અંતર્ગત જેલ અને કેદીઓના સુધારણાની સાથે રોજગારી મળી રહે તે આશયથી પાલનપુરમાં પ્રથમવાર જેલના કેદીઓએ ભજીયા હાઉસની શરૂઆત કરી છે.